પાગલ પત્રિકા નં. ૪.

સ્વર્ગસ્થ સૌ. ઇંદુમતિ બ્હેનના સ્મરણાર્થે.

ૐ

સત્સંગ.

વ્યાખ્યાનઃ-પાદ પરમાનંદજી.

નમ્ર મહાશય ગીરધરલાલ કેશવલાલ ઠાકોરની સહાયથી

વિના મુલ્યે વહેંચવા છપાવી પ્રસિદ્ધ કરનાર

ભટ. રેવાશંકર ભોલાશંકર

પાગલ મંડળ—ખેડા

સ્થળ: સોમનાથ મહાદેવ, ખેડા.

અષાઢ સુદી પુર્ણિમા રવીવાર, તા. ૨૫ જુલાઇ ૧૯૨૬.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

ૐ

સાર્થક જીવન કેવું ગાળવું

—પદ— (ભૈરવી)

મન વશ કરવું ને ઉધરવું, ભવસાગરને તરવું રે;
એ વિણ કામ નથી આ જગમાં, સંત સમાગમે સરવું રે,-મન૦
માયા ત્યાં માધવ નવ દીસે, ફોકટ ફંદે ફરવું રે;
ધારો ધીરતા નિત્ય હૃદયમા, ધ્યાન ધણીનું ધરવું રે,-મન૦

પરાપર પરમેશ્વર પોતે, વિશ્વપતિને વરવું રે;
જન્મમરણની મટે આપદા, સ્થિર ઠેકાણે ઠરવું રે,-મન૦
કહે ત્રિકમ સદ્દગુરૂ પ્રતાપે, પૂરણમાં પરવરવું રે;
આદ્ય પુરૂષનો મળે આશરો, કાંઇ રહે નહીં કરવું રે,-મન૦

મિથ્યા પ્રપંચથી દૂર રહેવા જીવને સદુપદેશ.

પદ—(ભૈરવી)

શું ભૂલે જગ રચના દેખી, તેમાં વળે નહી ત્હારૂં રે;
જે દીસે તે જરૂર જવાનું, શીદને કહી રહયો મ્હારૂં રે.—શું૦

વીતે અવસર વગર કારણે, અંતે થશે અંધારૂં રે;
આંખ ઉઘાડી જોને જીવડા, નજરનું કરીને ન્યારૂં રે.—શું૦

તુજ ઘટમાં પ્રભુ વસે નિરંતર, શોધે નહી શા સારૂં રે;
તજ મદ મોહ વિકાર કલ્પના, કરીને પ્રભુ પદ પ્યારૂં રે —શું૦

ત્રિકમ નિતપ્રતિ નિજહરિ જપતાં, ટળશે નર્ક નઠારૂં રે:
મળશે સુખ શાન્તિની સીમા, પળશે દુઃખ પરબાર્યું રે. —શું૦

॥ ॐ गुरुः ॐ ॥

॥ सत्संग ॥

૧. સતસંગ—માહાત્મ્ય.

૨. સતસંગ—સ્વરૂપ અને વિવરણ.

૩. સતસંગ—ફળ અને દૃષ્ટાંત.

॥ मंगलाचरणम् ॥

"विश्वं दर्पणदृश्यमाननगरीतुल्यं निजान्तर्गतम्
पश्यन्नात्मनि मायया बहिरिवोद्भूतं यथा निद्रया ।
यः साक्षात्कुरुते प्रबोधसमये स्वात्मानमेवाद्वयम्
तस्मै श्री गुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥१॥"

"श्री पूज्यं गुरुदेवमात्मरमणं संसारदुःखात्परम्

सत्यंज्ञानमनन्तमादिविधुरं वेदांतवेद्यं शिवम् ।
बुद्ध्यादीन्द्रियवृत्त्यगोचरपदं निर्वाणरूपं विभुम्
द्वंद्वातीतमसंगमादिमानिशं संचिन्तयामो वयम् ॥२॥ ”

“यं शैवाः समुपासते **शिव** इति **ब्रह्मेति** वेदान्तिनो
बौद्धाः **बुद्ध** इति प्रमाणपटवः **कर्तेति** नैयायिकाः ।
अर्हन्नित्यथ जैनशासनरताः **कर्मेति** मीमांसकाः
सोऽयं नो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः ॥३॥ ”

“ જેને શૈવજનો પુજે **શિવ** કહી, વેદાન્તમાં **બ્રહ્મ** જે,
બૌદ્ધો **બુદ્ધ** કહે, પુજે જીનજનો, **અર્હંત** તેને કહે;
માને જૈમિનિસૂત્રને અનુસરી, મીમાંસકો **કર્મને**,
કર્તા–સત્ય પ્રમાણુશાસ્ત્રથી કહે નૈયાયિકો જેહને;
(શાંડિલ્યાદિ મહર્ષિઓ કહિ ગયા, જે સૃષ્ટિથી ભિન્ન છે,
સ્વામિ–સેવક ભાવ રાખી વિભુને શ્રદ્ધા થકી જે પુજે;
એવા દેવ અચિંત્ય સત્ય સઘળે, સત્તા થકી વ્યાપ્ત જે,)
પૂરો તે મનવાંછિતાર્થ સઘળા, ત્રૈલોક્યના નાથ જે.”

રાગ **પીલુ**. તાલ **દીપચંદી**.

ગુરુ હમ વારી, તો પર જાઉં (૨),
દયા કે સાગર મૈં તો શીશ નમાઉં—ટેક.
મુજ પર દયા તેરી, હોવે હો ગુરુજી (૨),

તો ક્ષણમે ભવ-નિધિ તરજાઉં—ગુરુ૦
પરમાનંદ પર, કરી ગુરુ દયા (૨),
જીવનમુક્તિકે ફલ પાઉં—ગુરુ૦

ધૂન—" મેરે સદ્‌ગુરુ ચરણોંકી બલિહારી,
મિટયો ભવબંધનકો ભય ભારી. "

— સાખી —

" **નામ નિરંતર લીજીએ**, વળી **કીજે સતસંગ**,
સતસંગે સુખ ઉપજે, હોય ભરમણા ભંગ. "

ઉપર સાખીમાં લખ્યા મુજબ, ભક્તિ અને સતસંગ બન્ને સાથે સાથે કરવાં જોઇએ; કારણ તે એક બીજાની અપેક્ષા રાખે છે. આ ઉપર ગોસાંઇ **તુલસીદાસજી** કહે છે:—

—ચોપાઇ—

" ભક્તિ સ્વતંત્ર સકલ સુખ ખાની । વિનુ સતસંગ ન પાવહિં પ્રાણી ॥
પુણ્ય પુંજ વિનુ મિલહિં ન સંતા । સતસંગતિ સંસૃતિ કરિ અંતા ॥"

દોહા.

" વિનુ સતસંગ, ન હરિકથા, તેહિ બિનુ મોહ ન ભાગ ।
મોહ ગયે વિનુ રામપદ, હોઇ ન દૃઢ અનુરાગ ॥ "
માટે હરિભક્તિ સાથે સતસંગની પણ ખાસ જરૂર છે.

૧ સતસંગ-માહાત્મ્ય :—

પદ. રાગ-કનરો-શિયાનો-તાલ દીપચંદી.

સંત સમાગમ, હૈ સુખદાઇ,
કરના સંત સમાગમ ભાઇ. સંત સમાગમ૦ ટેક.
પાપ નિવારણ, ગંગ નદી હૈ, (૨)
તાપ નિવારણ, ચંદ્ર સદાઇ. સંત૦ ૧
કલ્પતરુસેં, દીન અવસ્થા, (૨)
મિટત સદા મન-વાછિત પાઇ. સંત૦ ૨
એક એક દુઃખ નિવારણ કારણ, (૨)
એક એક સાધન, હૈં જગમાહી. સંત૦ ૩
તીનો દુઃખકું, કાટત પલમેં, (૨)
સંત સમાગમ જો કરે ભાઇ. સંત૦ ૪

श्लोक :—"गंगा पापं शशी तापं, दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च, हरेत् **साधुसमागमः** ॥"

"चदनं शीतल लोके, चंदनादपि चंद्रमा ।
चद्रचंदनयोर्मध्ये, शीतला **साधु-संगतिः** ॥"

—દોહા—

"સુનિ સમુઝહીં જન મુદિતમન, મજ્જહીં અતિ અનુરાગ ।
લહહીં ચારિફ્લ[1] અછતતનુ,[2] **સાધુ—સમાજ—પ્રયાગ***॥

---

૧. ચારિફલ=ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

ગોસાંઇ **તુલસીદાસજી** કહે છે કે તે સાધુસમાજરૂપી પ્રયાગ તીર્થમાં:—

---

૨. અછતતનુ=જીવતાં છતાંજ

* સાધુસમાજ–પ્રયાગ=ગોસાંઇ **તુલસીદાસજી** સાધુસમાજ રૂપી પ્રયાગના નિરૂપણમાં લખે છે કે :—

—ચોપાઇ—

મુદમંગલમય સંત સમાજુ । જો જગ જંગમ તીરથ રાજુ ॥
રામ ભક્તિ જહાં સુરસરિ–ધારા । સરસ્વતી બ્રહ્મ–વિચાર–પ્રચારા ॥
વિધિ–નિષેધમય કલિમલહરણી । કર્મકથા રવિનંદિની વરણી ॥
હરિહર–કથા વિરાજત વેણી । સુનત સકલ સુદમંગલદેની ॥
વટ વિશ્વાસ અચલ નિજ ધર્મા । તીરથરાજ સમાજ સુકર્મા ॥
સબહીં સુલભ સબદિન સબદેશા । સેવત સાદર શમન કલેશા ॥
અકથ અલૌકિક તીરથ રાઉ । દેઇ સદ્ય ફલ પ્રકટ પ્રભાઉ ॥

આ ચોપાઇઓમાં સાધુ-સમાજ રૂપી પ્રયાગરાજ તીર્થનું વર્ણન છે. જેમ પ્રયાગરાજ તીર્થમાં ગંગા, સરસ્વતી અને યમુનાનો ત્રિવેણી સંગમ છે તેમ આ સંતસમાજ રૂપી પ્રયાગરાજમાં પણ ભક્તિ, બ્રહ્મ વિચાર અને કર્મકથારૂપી ત્રિવેણી સંગમ છે. તેમાં ભગવદ્ ભક્તિ તે ગંગાજી, બ્રહ્મવિચાર તે સરસ્વતી અને વિધિનિષેધરૂપ જે કર્મકાંડ તે યમુનાજી છે. એમાં રહસ્ય એ છે કે-ગંગાજીનો પ્રવાહ હંમેશાં પ્રગટ અને વેગવાળો હોય છે, તેવી રીતે સંતમાં ઇશ્વર ભક્તિ પણ પ્રગટ અને વેગવાળી હોય છે, અર્થાત્ સંતો મોટે ભાગે ભક્તિ-

—ચોપાઇ—

મજ્જત ફલ દેખીય તત્કાલા, કાક[1] હોહી પીક[2] બકહું[3] મરાલા.[4]
સુની આશ્ચર્ય કરહીં જની કોઇ, સત્સંગ-મહિમા નહી ગોઇ.[5]
વાલ્મિકી[6] નારદ[7] ઘટયોની,[8] નિજ નિજ મુખની કહી નિજ હોની.

નીજ ચર્ચા અને ઉપદેશાદિ કરે છે. માટેજ ઉપરની ચોપાઇમાં કહ્યું છે કે "રામ ભક્તિ જહાં સુર-સરી ધારા."

અને સરસ્વતી ગુપ્ત પ્રવાહવાળી હોય છે, તેવી રીતે સંતમાં બ્રહ્મ વિચાર પણ ગુપ્ત હોય છે; અર્થાત્ સંતો જેને તેને Public (જાહેર) માં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરતા નથી. ખાસ અધિકારી જોઇનેજ કરે છે. માટેજ કહ્યું કે-"સરસ્વતિ બ્રહ્મ-વિચાર-પ્રચારા."

અને રવિનદિની એટલે યમુનાજી જેમ અલ્પ પ્રવાહવાળી અને કલિયુગનાં પાપને હરનારી છે તેવી રીતે સંતમાં વિધિ-નિષેધમય એટલે **अहरहः संध्यामुपासीत्** વીગેરે વિધિરૂપ અને **सुरां मा पीवेत्** વીગેરે નિષેધરૂપ જે કર્મકથા એટલે કર્મકાંડ તે સંતમાં અલ્પ વગવાળાં એટલે ગૌણ હોય છે અને તે કર્મકાંડ કલિયુગનાં પાપને હરે છે. માટેજ કહ્યું કે—"વિધિનિષેધમય કલિમલ હરણી; કર્મકથા રવિનંદિની વરણી"

આ ઉપર અનુભવી પુરૂષો કહે છે કેઃ—**મુખ્ય-ભકિત, વર્તન-વૈરાગ્ય** અને **નિશ્ચય-જ્ઞાન** એ ત્રણ સંતમાં હોય છે.

૧ કાક=કટુ વચન વદનારા. ૨ પીક=કોયલ, એટલે મધુર વચન વદનારા. ૩ બક=ધુતારા લોકો. ૪ મરાલ=હંસ એટલે શુદ્ધ અંતઃકરણવાળા સંતો. ૫ ગોઇ=ગુપ્ત. ૬ વાલ્મિકી મુનીએ પ્રથમ શ્રી

જલચર[૯] થલચર[૧૦] નભચર[૧૧] નાના, જે જડ[૧૨] ચેતન[૧૩] જીવ જહાના.
મતિ કિરતી ગતી ભૂતી ભલાઇ, જવ જેહીં યતન જહાં જેહી પાઇ.
સો જાને સતસંગ પ્રભાઉ, લોક હું વેદ ન આન ઉપાઉ.
વિનુ સતસંગ વિવેક ન હોઇ, રામ-કૃપા વિનુ સુલભ ન સોઇ.
સતસંગતિ મુદ-મંગલ મૂલા, સોઇ ફલ સીધી, સબ સાધન ફૂલા.
શઠ સુધરહીં સતસંગતિ પાઇ, પારસ પરસી કુધાતુ[૧૪] સુહાઇ.[૧૫]

પદ.

સંત-સમાગમ સાચોરે, સાધુ-સમાગમ સાચોરે-
બધું છે અસાર.
નરદેહ પામીને, સંતજન સેવીએ; તો સુધરે સૌ કાજ-
બધું છે અસાર. સંત૦
સંતના સંગે, નીતિ મતિ ઉપજે, પરમાનંદ અપાર-
બધું છે અસાર. સંત૦

રામચંદ્રજીને પોતાનો વૃત્તાંત કહ્યો હતો. ૭ શ્રી નારદ મુનીએ વેદ-વ્યાસજીને પોતાની આત્મકથા કહી હતી. ૮ અગસ્ત્ય મુનીએ મહાદેવજીને પોતાનો વૃત્તાંત કહ્યો હતો. ૯ જળચર=ગ્રાહ-મગર. ૧૦ થલચર=ગજેન્દ્ર ૧૧ નભચર=જટાયુ ૧૨ જડ=પત્થરપણાને પામેલી ગૌતમપત્ની અહલ્યા ૧૩ ચેતન=સુગ્રીવ, હનુમાન આદિ ૧૪ કુધાતુ =લોઢું ૧૫ સુહાઇ=સુવર્ણ બની જાય છે.

વિશેષ માટે શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં બારમા અધ્યાયમાં સત્સંગ-મહિમા જુઓ.

મોક્ષદ્વારના ચાર દ્વારપાળ– (૧) શમ, (૨) સંતોષ, (૩) વિચાર, અને (૪) સત્સંગ. તેમાં **સત્સંગ** આદિ અને મુખ્ય છે. આ વાર્તા યોગવાશિષ્ઠમાં વશિષ્ઠ મહારાજે સારી રીતે વર્ણવી છે. માટેઃ—

પદ. રાગ **બીહાગ**-તાલ **ત્રિતાલ.**

નિશદિન (૩) સંત સમાગમ કીજે હો. ॥
માન ત્યજી સંતનકે મુખસેં, પ્રેમ સુધારસ પીજે હો. નિશદિન૦
અંતર કપટ મેટકે[1] અપના, લે ઉનકું મન દીજે હો. નિશદિન૦
ભવદુખ ટરે રુ[2] બરે[3] સબ દુષ્કૃત, સબ વિધિ કારજ છીજે[4] હો. ,,
બ્રહ્માનંદ સંતકી સોબત, જન્મ સફળ કરી લીજે હો. નિશદિન૦

આ પદમાં **બ્રહ્માનંદ સ્વામી** (સહજાનંદ સ્વામીના એક શિષ્ય) સતત સંતસમાગમ કરવાનો કહે છે.

પરંતુ—**સંગસેં રંગ ચઢે કેમ? "માન ત્યજી..........."**

આ ઉપર એક દૃષ્ટાંત છે કે-એક વખત એક ખેડુતે શાક ભાજીની વાડી કરી હતી અને તેને કોસથી પાણી પાતો હતો. એક દિવસ તે કામ કરી રહ્યા પછી પાણી કયાં સુધી પહોંચ્યું છે તે જોવાની તેને ઇચ્છા થઇ, અને માલમ પડયું કે એક ટીપું પણ પાણી તેની વાડીમાં ગયું ન હતું. વધુ તપાસતાં માલમ પડયું કે દૈવેચ્છાએ આ પાણી ચઢાવવાની જગાએ ઉંડો ઘરો પડયો હતો, (કેટલાંક સ્થળોમાં ખેતરની જમીન ઉંચી હોવાથી સુપડા વતી પાણીને ચઢાવવામાં આવે છે જેને

---

૧ મટાડીને. ૨ અને. ૩ બળે. ૪ સિદ્ધ થાય.

ઢેંકવો કહે છે) અને બધુ પાણી ખેતરમાં ન જતાં તે ધરામાં ઉતરી જતું હતું. તેવી રીતે સિદ્ધાંતમાં કેટલાક જિજ્ઞાસુ આખી જીંદગી ભજન, કીર્તન, સત્સંગ વિગેરે સાધન કરે છે, પરંતુ તે સર્વ અભિમાન રૂપી ધરામાં ઉતરી જાય છે અને તેના જીવનમાં કંઇ ફેરફાર થતો નથી-સંગથી રંગ ચઢતો નથી. રંગ કયારે ચઢે? "**માન તજી...**"

અમૃત ઉત્તમોત્તમ વસ્તુ છે અને તે જરા પણ પીધાથી અમર થવાય છેઃ છતાં તે અમૃતમાં જરાપણ વિષ ભળ્યું હોય તો, તેજ અમૃત મૃત્યુનું કારણ થઇ પડે છેઃ તેવીજ રીતે જો કે "**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्**" આ ગીતા વાકય પ્રમાણે થોડા પણ ધર્મનું પાલન કરવાથી-યથાશકિત ભજન, કીર્તન, અને સત્સંગ કરવાથી મહાન ભય જે જન્મ-મૃત્યુ તેમાંથી તરી જવાય છેઃ છતાં અભિમાન રૂપી વિષ જરાપણ તેમાં ભળ્યું હોય તો બધું નિષ્ફળ જાય છે, ઉલટું વધુ વધુ અધોગતિને પમાડે છે.

"**બકરૂં કાઢતાં ઉંટ પેસી જાય છે.**" માટે "**માન તજી...........**"

શંકર ભગવાન વિવેક ચુડામણિમાં કહે છે કેઃ—

"ब्रह्मानंदनिधिर्महाबलवताऽहंकार घोराहिना,
संवेष्टयात्मनि रक्ष्यते गुणमयैश्चंडैस्त्रिभिर्मस्तकैः।
विज्ञानाख्य महासिना श्रुतिमता विच्छिद्य शीर्षत्रयम्,
निर्मूल्याहिमिमं निधिं सुखकरं धीरो*ऽनुभोक्तुंक्षमः॥"

* धीरः='धीः बुद्धिः, ताम् 'र'-रक्षति विषयेभ्यो रक्षति इति ब्रह्मचर्यादिसाधनसंपन्नाधिकारी "धीरः"—

"બ્રહ્મના આનંદનો ભંડાર છે ભર્યો;
પણ તેને અહંકાર રૂપી અહિ વીંટી વળ્યો.
સત્વ, રજો, તમગુણની ત્રણ ફેણ છે પ્રચંડ;
અતિશે છે બળવાન ને મહાઘોર જાણે ચંડ.
જો ચાહે ભંડાર લેવા, કરની આ ઉપાય;
સદ્‌ગુરૂ પાસે શસ્ત્ર છે તે યાચવાને જાય.
શ્રુતિમતવાળા જ્ઞાનરૂપી શસ્ત્રને ધરે;
ત્રિગુણી ફેણો છેદીને, અહિ નિર્મૂળ કરે.
તો સુખના ભંડારને, તું સદ્ય પામશે;
સદ્‌ગુરૂજીના શસ્ત્રથી, સહુ ક્લેશ વામશે."

જેમ અખુટ દ્રવ્ય દાટેલું હોય અને તે ઉપર મહા ભયંકર નાગની ચોકી હોય અને તે દ્રવ્ય આપણે મેળવવું હોય તો, પ્રથમ તે નાગનો આપણે નાશ કરવો જોઇએ: તેવીજ રીતે **બ્રહ્માનંદ** રૂપી અખૂટ દ્રવ્ય (મુમુક્ષુની હૃદય ભુમિમાં) દાટેલું છે, અને તે પર અહંકાર રૂપી મહા બળવાન અને ઘોર સર્પ, સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ રૂપ ત્રણ ફેણ વડે ચોકી કરે છે. શ્રુતિ પ્રતિપાદિત **વિજ્ઞાન** નામની તલવારથી અહંકાર રૂપી નાગનાં ત્રણે મસ્તક કાપી નાંખીને, સર્પને નિર્મૂલ કરીને, આ સુખકર બ્રહ્માનંદ રૂપી નિધિનો **ધીર** પુરૂષ ઉપભોગ કરવા સમર્થ થાય છે.

આમાં રહસ્ય જાણવાનું કે:— સંશય વિપર્યય રહિત—

પંચ વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ)થી બુદ્ધિની વૈરાગ્યવૃત્તિ વડે જે રક્ષા કરે એવા **બ્રહ્મચર્યાદિ સાધનવાળો અધિકારી "ધીર" કહેવાય છે.**

"**અહં બ્રહ્માસ્મિ**" રૂપ જે અખંડબ્રહ્માકાર વૃત્તિ અર્થાત્ દૃઢ નિશ્ચય એજ ખડ્ગ છે. એ ખડ્ગ વડે અર્થાત્ "અહં બ્રહ્માસ્મિ"ના અપરોક્ષ નિશ્ચય વડે ત્રણે ગુણ (સત્વ, રજ અને તમ) નાશ પામે છે, અને ગુણો નાશ પામવાથી અહંકાર પણ નાશ પામે છે. કેમકે સંપૂર્ણ વિકાર—સંપૂર્ણ વૃત્તિ ગુણમાંથીજ ઉત્પન્ન થાય છે. અહંકાર એ રજોગુણનો વિકાર છે. "**कारणाभावे कार्याभावः**"—"**मूलं नास्ति कुतः शाखा**" આ ન્યાય વડે ગુણોનાશ થવાથી અહંકાર પણ નાશ પામે છે. પછી તો મુમુક્ષુ બ્રહ્માનંદને અનુભવે છે. માટે દરેક મુમુક્ષુએ અહંકારનો પહેલો ત્યાગ કરવો જોઇએ.

That's the **process.**" Nothing can be done without **process.** "

એક સુફી કહે છે:—

— ગઝલ —

" અગર હૈ શૌક મિલનેકા તો હરદમ લો લગાતાજા;
જલા કર ખુદનુમાઇકો ભસમ તન પર લગાતા જા."

બસ એજ:—"જલાકર ખુદનુમાઇકો"...એટલે અહંતા મમતાને બાળીને તેની રાખ બનાવી શરીર પર લગાવો. અર્થાત્ અહંતા મમતાનો પુરેપુરો ત્યાગ કરો.

ભગવાન પણ ગીતામાં કહે છે કે:—

"तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ "

ભાવ એ છે કે:-જ્ઞાન સર્વ સાધનો કરતાં શ્રેષ્ઠ છે પરંતુ તે જ્ઞાન મહાત્માઓની પાસેથી પ્રણામ અને સેવા વડેજ પ્રાપ્ત થાય છે.

બસ એજ-માનને છોડવાનો ઉપાય **પ્રણામ અને સેવા.** અભિમાન ત્રણ જાતનું હોય છે (૧) શારીરીક (૨) વાચસીક અને (૩) માનસીક. એ ત્રણેનો ત્યાગ કરવો જોઇએ. (પ્રથમ) શરીરના અભિમાનને છોડવા માટે, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, અને જાતે શરીરથી સેવા-એ ઉપાય છે. (બીજું) વાણીના અભિમાનને છોડવા માટે દરેકને મધુર વચન કહેવાં જોઇએ, કારણ કે કડવાં અગર મધુર શબ્દો બોલવામાં શ્રમતો સરખોજ પડે છે, પરંતુ પરિણામમાં તફાવત છે. કડવાં વચન કહેવાથી સામા માણસ સાથે દ્વેષ બંધાઇ જાય છે અને મધુર વચન કહેવાથી સ્નેહ બંધાય છે. માટે મધુર વચન કહેવું એ વાણીનું અભિમાન છોડવાનો ઉપાય છે. અને (ત્રીજુ) મનનું અભિમાન છોડવાને માટે પ્રાણી માત્રનું ભલું ઇચ્છવું મનથી સર્વની જોડે સમભાવ તથા પ્રેમભાવ રાખવો એજ મનનું અભિમાન છોડવાનો ઉપાય છે.

—પદ.—(કાલિંગડો)

અહંકાર મમકાર છોડો;

તો ઘટમાંહી શ્રી હરિકો નિહાળો. —અહંકાર૦

વિરાગકા સો રેચ મંગાવો, અહં-મમ-મલ કાઢો;

સદ્ગુરુ-વૈદ્યકે શરણે રહી, પરમાનંદ ચખાડો. —અહંકાર૦

" मानं हि मदिरापानं, गौरवं नर्क-रौरवम्

प्रतिष्ठां शूकरी विष्ठां, त्रीणि त्यक्त्वा सुखी भवेत्॥ "

અર્થાત્—માન એજ દારૂ પીવા બરાબર છે, ગૌરવ એટલે બડાઇ રૌરવ નરક સમાન છે અને પ્રતિષ્ઠા એ સુવરની વિષ્ઠા તુલ્ય છે. માટે એ ત્રણે (માન, ગૌરવ અને પ્રતિષ્ઠા)ને મુકી દઇ સુખી

થવાય છે. (**એટલે સુખ ચાહો** તો એ ત્રણેને મૂકી દો.)

પછીતો—" ભવ દુઃખ ટરે..." એ સત્સંગથી પ્રાપ્ત થતું ફળ.

" जन्ममरणरूप संपूर्ण अनर्थकी निवृत्ति અને परमानन्दकी प्राप्ति. "

—ગીતિ—

સંતોની સોબતમાં, સાધન સાધી અધિકારી થાઓ;
શ્રવણ મનન ને ધ્યાન ધરી, નિત્યસિદ્ધ **પરમાનંદને** લહો.

ધુન:—જય દીન-ભક્તજન હિતકારી, સંત ચરણકી બલિહારી.

ભગવાન શંકરાચાર્ય વિવેક ચુડામણિમાં કહે છે કેઃ—

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

ભાવાર્થ—આ લોકમાં ત્રણ વસ્તુઓ અતિ દુર્લભ છે. (૧) મનુષ્યત્વ (૨) મુમુક્ષુત્વ (૩) મહાપુરૂષોનો સમાગમ. પરંતુ તે ઇશ્વર કૃપા હોય તો સ્હેજે મળી શકે છે.

દેવર્ષિ નારદ પણ ભક્તિસૂત્રમાં કહે છેઃ—

"महत्संगस्तु दुर्लभोऽगम्योऽमोवश्च लभ्यतेऽपि तत्कृपयैव । "

— ગીતિ —

" દુર્લભ છે મહત્સંગ, છે અગમ્ય અમોધ અતિશય છે,
કૃપા હોય પ્રભુની તો, મહત્સંગ તેને મળી શકે છે. "

વિવેક ચુડામણિમાં **શંકર ભગવાન** વળી કહે છેઃ—

"जन्तूनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता,
तस्माद्वैदिकधर्ममार्गपरता विद्वत्वमस्मात्परम् ।
आत्मानात्मविवेचनं स्वनुभूतिर्ब्रह्मात्मना संस्थिति-
र्मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः पुण्यैर्विना लभ्यते ॥

ભાવાર્થ એ છે કે-પ્રથમ તો ચોરાશિ લક્ષ યોનિમાં ભટકતા પ્રાણીઓને મનુષ્ય જન્મ મળવો મહા દુર્લભ છે એમાં પણ પુરૂષનો દેહ દુર્લભ છે. તેમાં વળી બ્રાહ્મણનું શરીર દુર્લભ છે. તેમાં પણ વૈદિકધર્મમાર્ગપરાયણતા દુર્લભ છે. તેમાં પણ વિદ્વતા દુર્લભ છે. તેમાં પણ આત્મા અનાત્માનો વિવેક દુર્લભ છે. તેમાં પણ સ્વાનુભવ દુર્લભ છે, તેમાં જીવ અને બ્રહ્મના અભેદરૂપથી અવસ્થાન રૂપ જે મુક્તિ તે મહા દુર્લભ છે અને તે કરોડો જન્મના પુણ્ય અને સત્કૃત્ય વિના મળી શકતી નથી. એમાં રહસ્ય એ છે કે ભગવાન શંકરાચાર્યે આ શ્લોકમાં એક એકથી વધારે દુર્લભ એવાં સાત મુક્તિનાં સાધનો બતાવ્યાં છે તે એ કે (૧) **નરજન્મ** (૨) **પુરૂષત્વ** (૩) **વિપ્રતા** (૪) **વૈદિકધર્મમાર્ગપરતા** (૫) **વિદ્વતા** (૬) **આત્મા અનાત્માનો વિવેક** અને (૭) **સ્વાનુભવ.**

પરંતુ સતસંગથી બધાં સુલભ છે.

માટે-"નિશદિન (૩) સંત સમાગમ કીજે હો..."

ધૂનઃ-"જય જય કૃપાસિંધુ ભગવાન; મુઝે દો સતસંગતિકા દાન"

૨. સતસંગ-સ્વરૂપ.

सत् + संगः = सत्संगः

સત્‌નો સંગ તે સત્‌સંગ

(૧) પ્રથમ કનિષ્ઠ અધિકારી માટે સત્‌સંગનું સ્વરૂપઃ—

"सत् कर्म तस्य संगः— **कर्मणः संगः** इति **सत्संगः**"

"સત્ નામ કર્મનું તેનો સંગ તે **સત્સંગ**"

× × ×

એટલે **सत्कर्मानुष्ठानम्**

એના પુરાવામાં **ભગવાન** ગીતામાં કહે છેઃ—

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥
यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥"

(અધ્યાય ૧૭ મો શ્લોક ૨૬-૨૭)

આ પ્રકારનાં સત્કર્મ મુમુક્ષુએ કરવા યોગ્ય છે, અને તે કરવાથી મુમુક્ષુ બંધનને પ્રાપ્ત થતો નથી-નિષ્કામ હોવાથી-ઇશ્વરાર્પિત હોવાથી-ભગવત્પ્રીત્યર્થ હોવાથી.

श्लोकः—" यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयंकर्मबंधनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥"

(ગીયા અધ્યાય ૩ શ્લોક ૯)

આ પ્રકારે ભગવાન સ્વમુખે કહે છે કેઃ—

" **यज्ञार्थात्** " એટલે " **यज्ञोवै विष्णुः** " આ શ્રુતિ વડે

યજ્ઞ વિષ્ણુનું નામ છે તે વિષ્ણુ-ભગવાનના નિમિત્તે જે કર્મ કરવામાં આવે છે તે સત્કર્મ કહેવાય છે અને બંધનકર્ત્તા હોતાં નથી. ભગવત્ નિમિત્ત સિવાય થયેલાં સકામ કર્મોજ બંધન કરે છે. માટે હે કૌંતેય! તું ફ્લાસક્તિ છોડી દઇને ભગવત્ નિમિત્તે સર્વ કર્મ કર, એટલે ભાગવદ્ધર્મનું આચરણ કર.

કારણકે:—

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञोदानंतपश्चैव पावनानि मनीषिणाम् ॥
(ગીતા. અધ્યાય ૧૮ શ્લોક ૫)

પરંતુ:—

एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च ।
कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥
(ગીતા. અધ્યાય ૧૮ શ્લોક ૬)

માટે:—

येनकेन प्रकारेण यस्यकस्यापि देहिनः ।
संतोषं जनयेत्प्राज्ञस्तदेवेश्वरपूजनम् ॥
(ચોગવાશિષ્ટ.)

(૨) મધ્યમ અધિકારી માટે સત્સંગનું સ્વરૂપ:—

" सतां संगः—सद्भिर्संगः इति सत्संगः "

એટલે સંતોના સમાગમ તે સત્સંગ.

(સંત એટલે-**સત્** જે બ્રહ્મ તેનો સાક્ષાત્કાર કરવાથી **સત્** નામને જે પ્રાપ્ત થયો છે-" **ब्रह्मविद् ब्रह्मैव भवति** " આ ન્યાય વડે-તે સંત.)

• **સંતનાં લક્ષણ:—**

પદ. રાગ-**કાળીંગડો.**

નિજપદ ખેલે સંત સોહાગી; જાકી મનકી મમતા ભાગી.-નિજ૦
નિશી વાસર ઝુલે તુરીયા પદ, તનકી તૃષ્ણા ત્યાગી;
કરમ ધરમકા ભરમ મીટાકે, શિવ પદમેં રહે જાગી-નિજ૦

તાપ કલેશ ન વ્યાપે કબહુ, શાન્તિમેં ચિત અનુરાગી;
માયા મોહ ન દીસે રંચક, વૃત્તિ વિરાગમેં લાગી-નિજ૦

સબઘટ પૂરણ નાથ એક દર્શે, ગોલી જ્ઞાનકી વાગી;
ત્રિકમ સદ્દગુરૂ કૃપા કરી જબ, મુક્ત ભુવન લીયો માગી-નિજ૦

(૩) ઉત્તમ અધિકારી માટે સત્સંગનું સ્વરૂપ:—

" **सत् ब्रह्म तस्य संगः-ब्रह्मणः संगः** इति **सत्संगः** "

એટલે-" **निदिध्यासनम्** "

" **सत् चिद् आनंद ब्रह्म** तेन सह ब्रह्माकारवृत्त्या संगः इति **सत्संगः**—अतएव ब्रह्मणः संगः इति **सत्संगः** "

અર્થાત્ સત્ ચિદ્ આનંદ જે બ્રહ્મ છે તેની સાથે બ્રહ્માકાર-વૃત્તિ વડે સંગ એટલે નિદિધ્યાસન કરવું એ **સત્સંગ.**

અત્રે એમ શંકા ઉપજે છે કે:-બ્રહ્મ સાથે સંગ કેવી રીતે સંભવી શકે ? સમાધાનમાં એટલુંજ કે **વૃત્તિવ્યાપ્તિ** વડે થઇ શકે-**ફળવ્યાપ્તિ** વડે નહિ (વિશેષ જાણવું હોય તો વેદાન્તનો પ્રક્રિયા ગ્રંથ જુઓ)

માટેઃ—

संगः सर्वात्मना त्याज्यः,

ઉત્તમ અધિકારી માટે-બાહ્યસંગ અર્થાત્ સ્થૂલ સંગ સમ્યક્ પ્રકારે ત્યાજ્ય પરંતુ બ્રહ્મસંગ તો ખરો-એટલે **નિદિધ્યાસન** (ધ્યાન) ત્યાજ્ય નહી.

(પરંતુ) **स चेत्त्यक्तुं न शक्यते ।**
स सद्भिः सह कर्तव्यः, (મધ્યમ અધિકારી માટે)
संतः सर्वस्य (अथवा सतसंगो हि) **भेषजम् ॥**
(મદાલસા આમ પુત્ર પ્રતિ કહે છે)

ગઝલ-કવાલી.

તેરી મેહેર જો બંદા પૈ, સો મુઝે માલુમ ન થા (૨)
" ગુરુ ૐ " મંત્ર રટતાં, આનંદે હિય ઉભરાતાં;

દીદાર ઈસી ચશ્મોંસેં દેખા, (તેરી) કદમોંમેં ઝુંકાઉં માથા (૨)

ધુનઃ–ગુરૂ તેરા મહિમા હૈં અપાર; ગુરૂ ૐ મંત્રકા ચમત્કાર.

૩. સત્સંગ-ફળ અને દૃષ્ટાંતઃ—

तीर्थे तीर्थे निर्मलं ब्रह्मवृन्दम्

वृन्दे वृन्दे तत्त्वचिन्तानुवादः ।

वादे वादे जायते तत्त्वबोधः

बोधे बोधे भासते चन्द्रचूडः ॥

આ શ્લોકનો ભાવાર્થ એ છે કે :—અનેક તીર્થોમાં ફરવાથી નિર્મળ સંત જનોનો સમાગમ થાય છે. અનેક સંતજનો મળવાથી તત્ત્વ ચિંતા સંબંધી વાદ પ્રતિવાદ થાય છે. આવી રીતે વાદવિવાદ થતાં તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય છે અને પછી જ્ઞાન ઉત્પન્ન થતાં પરિપક્વ દશામાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

તો સંત સમાગમમાં "**भासते चन्द्रचूडः**" એટલે પરમાત્મા પ્રતીત થાય છે અર્થાત્ **બ્રહ્મસાક્ષાત્કાર** થાય છે. એજ સત્સંગનું ફળ–ઉત્તમોત્તમ ફળ.

તીર્થાટન કરવાનું ખરૂં તાત્પર્ય એજ છે કે મહાત્માઓનો સમાગમ. તીર્થ કરતાં સંત સમાગમનું ફળ વધારે છે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

"साधूनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः ।
कालेन फलति तीर्थः सद्यः **साधु–समागमः** ॥ "

સાધુનું દર્શન એજ પુણ્ય છે અર્થાત્ દર્શન થતાંજ પુણ્ય મળે છે. સંતો તીર્થરૂપજ છે (" **तीर्थी कुर्वन्ति तीर्थानि** " સંતો તીર્થોને પણ તીર્થ બનાવે છે) તીર્થ તો અમુક સમય વીત્યે એટલે જન્માંતરે ફળ આપે છે, પરંતુ સંત સમાગમ તો તુરતજ ફળ આપે છે. ગોસાંઇ **તુલસીદાસજી** કહે છે:—

—ચોપાઇ—

" મુદમંગલમય સંત સમાજુ; જો જગ જંગમ તીરથ રાજુ ॥ "

તીર્થરૂપ પ્રયાગ તો સ્થાવર હોવાથી કંઇ જઇ શકે નહી, અને મકરસંક્રાંતિ સમયે પણ સર્વને તથા સર્વ દેશમાં તે સુલભ નથી–દુર્લભજ છે. ફકત તે દેશમાં રહેનાર તીર્થવાસીઓનેજ સુલભ છે, જન્માંતરે ફળ દેવાવાળું છે, ગુપ્ત પ્રભાવવાળું, અને લૌકિક છે (લૌકિક હોવાથી) વાણી વડે તેનું વર્ણન થઇ શકે છે, પરંતુ આ સત્સંગરૂપી પ્રયાગ તો જંગમ (હરતું ફરતું) છે. સર્વદા સર્વ દેશમાં સુલભ છે. તુરતજ ફળ દેવાવાળું છે. પ્રગટ પ્રભાવવાળું છે અને અલૌકિક છે તેથી તેનું વાણી વડે વર્ણન શકય નથી.

તીર્થરૂપ પ્રયાગમાં તો મરણ પછીજ ધર્માદિ ફળ પ્રાપ્ત થાય છે, જ્યારે આ સંત સમાજરૂપ પ્રયાગમાં તો પ્રેમરૂપ સ્નાન કરતાંની

સાથેજ ધર્મ, અર્થ કામ અને*મોક્ષ–ચારેય પુરૂષાર્થ આ જન્મમાંજ પ્રાપ્ત થાય છે માટે **સંત સમાગમ તીર્થ કરતાં અધિક છે.**

સંત સમાગમ કેવું ફળ પ્રકટાવે છેઃ—

પદ. (રાગ કાફી–હોરી.)

સંતોકી સોબત પાઇ, તનમનકી ફીકર મીટાઇ.—સંતોકી૦

સદા રહું આનન્દમેં, ગોવિંદકે ગુણ ગાઇ;
પાપ પુણ્યકી સંશા મેટી, ભૂલી જગ ચતુરાઇ.—સંતોકી૦

આધ્ય પુરુષકે આશરે, પૂરણ ભઇ કમાઇ;
સાહેબ સંગ સોદા કીયા હૈં, નિરમળ જ્યોત જગાઇ.—સંતોકી૦

નિત પ્રતિ શીશ નમાયકે, જ્ઞાન ગરીબી આઇ;
બહિર વાસના બેઠી ઝુરે, શિરપર હાથ લગાઇ.—સંતોકી૦

સમતા સતકી કોટડી, બૈઠે સંત સમાઇ;
નિર્ભય નૌબત બાજ રહી હૈં, સદ્‌ગુરુને દીખલાઇ.—સંતોકી૦

ત્રિકમ માયા છોડકે, સાચી પ્રીત સુહાઇ;
નિરાકાર નિજ અંતર સમરું, ચિત્ત અચિત્ત કરાઇ.—સંતોકી૦

पुनश्च—न केवलं समागमेन, साधूनां दर्शनमात्रेण तु कृतार्थो भवति।

साधुः स्वस्य दृष्टिमात्रेण पुनाति.

नास्तिकोऽपि योगिना दृष्टः पापान्मुच्यते.

तदुक्तम्:—

"यस्यानुभवपर्यन्ता, तत्त्वे बुद्धिः प्रवर्तते ।
तद्दृष्टिगोचराः सर्वे मुच्यन्ते सर्व पातकैः ॥

આ ઉપર દૃષ્ટાંત પિંગલા વેશ્યા અને અવધૂતજી દત્તાત્રેયનું છે. (ભાગવત એકાદશ સ્કંધ.)

"पिङ्गला नाम वेश्यासीद्विदेह नगरे पुरा ।
तस्या मे शिक्षितं किंचिन्निबोध नृपनन्दन ॥*

પૂર્વે વિદેહ નગરીમાં પિંગલા નામની એક ધનાઢ્ય વેશ્યા રહેતી હતી. રાજમાર્ગ પર તેનો સુંદર મહેલ સહુના મન આકર્ષતો હતો. તેના દરવાજા પર એક મોટો ઘંટ લટકાવેલો હતો અને તે ઘંટ જ્યારે જ્યારે કોઇ શ્રીમંત તે વેશ્યાની મુલાકાત કરવા ઇચ્છતા હોય ત્યારે તે ઘંટ વગાડવાનો રીવાજ હતો. વળી મકાન પર એક પાટીયું ઘંટ પાસે લટકાવેલું હતું કે જેમાં તે વેશ્યાની મુલાકાતનો દર તથા નિયમો દર્શાવ્યા હતા. વધુમાં એવી પણ પ્રથા પડી હતી કે જે શ્રીમંત તે વેશ્યાને ઘણા પૈસા આપવા ઇચ્છે તેજ ઘણા અવાજ કરે.

એક દિવસ આ રસ્તે થઇને ગુરૂદત્તાત્રેય જતા હતા અને તેના મકાનપર આવતાં આ ઘંટપર સહજ સ્વભાવથી દૃષ્ટિ પડી. અવધૂત-

* નૃપનંદન=યદુરાજા.

જીને તે ઘંટ કુતુહલ ખાતર વગાડવા ઇચ્છા થઇ અને એક સાથે પચાસ, સો ટકોરા વગાડી નાખ્યા, અને સામેની એક બંધ દુકાનના ઓટલા પર જઇ બેઠા. અવધૂતજીનો વેશ એવો હતો કે તેમને કોઇ ભાગ્યેજ ઓળખી શકે. વસ્ત્રમાં એક ફાટયું તુટયું કૌપિન અને પાત્રમાં એક માટીનું પાત્ર હતું.

વેશ્યાને એકદમ ઘણા અવાજ સાંભળીને લાગ્યું કે આજનો દિવસ સફળ છે, કેમકે એકજ ટકોરાની કીંમત ભારે હતી, તો એક સાથે પચાસ સો ટકોરા વગાડનાર ગૃહસ્થ કોઇ ધનાઢ્ય હોવો જોઇએ. આજ તે અને તેની દાસી ઘણા આનંદમાં હતાં અને મહા ધનવાન મહેમાન પધારવાના હોવાથી ઘરને શુશોભિત કરવામાં રોકાયાં હતાં. વેશ્યા પણ સાંજ પડતાં ઘણાં શુશોભિત વસ્ત્રાભૂષણ પહેરી હંમેશ કરતાં વધારે આકર્ષક બની હતી, અને પોતાના માનીતા મહેમાનની અધિરાઇથી વાટ જોઇ રહી હતી. ઘડીકમાં તે નીચે આવતી અને ઘડીકમાં ઉપર જતી એમ ઉપર નીચે આવજા કરતાં કરતાં વખત વીતતો ગયો પરંતુ કોઇ ઉપર આવ્યું નહી. માત્ર ભિક્ષુકના વેશમાં પડી રહેલા અવધૂતજી આ ઘટના બેઠા બેઠા જોયા કરતા હતા રસ્તા ઉપર જનારા મહાજનોમાંથી હમણાં કોઇ આવશે એમ માર્ગ પ્રતિક્ષા તેની દાસી પણ કરતી હતી. અવધૂતજીએ ઘંટ વગાડયો હોય એવું ભાગ્યેજ કોઇ ધારી શકે. વેશ્યા જ્યારે જ્યારે નીચે જતી ત્યારે ઇચ્છા અનિચ્છાએ તેની દૃષ્ટિ તે અવધૂતજી પર પડતી હતી. સમય ઘણો વીતી ગયો અને કોઇ આવ્યું નહી તેથી વેશ્યા ઘણી નિરાશ થઇ અને તેને અસહ્ય દુઃખ થવા લાગ્યું. આખરે તે ઉપર જઇ પોતાના

પલંગમાં સૂઇ ગઇ, પરંતુ ચિંતાતુર હૃદયને ઉંઘ કયાંથી ! ઘણા ઘણા વિચારો આવવા લાગ્યા, અને તે વૈરાગ્યમાં વિરામવા લાગ્યાં. અહાહા ! મહાત્માઓના દર્શનની શી અદ્‌ભુત ચમત્કૃતિ ! જેમ જેમ રાત્રી પસાર થતી ગઇ તેમ તેમ વૈરાગ્ય વધતો ગયો, અને મનુષ્ય દેહ પામીને તેનું કંઇ સાર્થક ન કરતાં વિષયો પાછળ પોતાનું જીવન વીતાવ્યું' તે માટે પશ્ચાતાપ થવા લાગ્યો કે જનક વિદેહીની રાજધાનીમાં હું એકજ પાપાચારિણી છું. હૃદયના મળ દુર થતાં તેને પોતાનું ભવિષ્યનું જીવન પ્રભુભજનમાં ગાળવા ઇચ્છા થઇ; અને ભકિતનો રસ્તો ગુરૂ-ઉપદેશ વગર મળવો અશકય છે એમ સમજી ગુરૂ કરવા ઇચ્છા થઇ.

અવધૂતજી આ સર્વ ઘટના યોગદષ્ટિથી જોતા હોવાથી તે દયાળુ હૃદય એકદમ મેડા ઉપર ચ્હડ્યું અને તેના પલંગ પાસે જઇ ઉભું. અવધૂતજીનાં વારંવાર દર્શનથી, અને તેમની અમીદષ્ટિથી પિંગળાનું હૃદય શુદ્ધ થઈ ગયું હતું. પિંગળા અવધૂતજીને દેખતાંની સાથેજ એકદમ ઉભી થઇ ગઇ અને પ્રણામ કરી પવિત્ર આસન પર બેસાડી પૂજા કરી. અંતઃકરણ શુદ્ધ થયેલું હોવાથી હવે તે અવધૂતજીને ઓળખી, શકી કે આ તો મહાન યોગીશ્વર છે. પિંગળાએ સ્તુતિ કરવા માંડીઃ—

— ગરબી — (કાફી)

ભલે આવ્યા ગુરુજી મહારાજ,
આજ મારે આંગણીએ—ટેક.

મારાં સુધારિયાં સૌ કાજ
આખરની અણીએ—ભલે૦

બ્રહ્મ તેજની ઝળક મનોહર, મુખપર દિવ્ય પ્રકાશેરે
અડસઠ તીરથ આપ ચરણમાં, પ્રત્યક્ષ મુજને ભાસે—આજ૦
ભલે આવ્યા ગુરુજી મહારાજ—આજ૦

'सत्संगतिः कथय किं न करोति पुंसाम्" (ભર્તૃહરિ)
અવધુતજી કહે છેઃ—

પદ. (રાગ માઢ-તાલ દીપચંદી અથવા દાદરો.)

બંદા કયા તો કરે મગરૂરી, એક દિન તન હોવેગા ધૂરી.—બંદા૦

બહોત ગયે ઇસ જગમેં આકર, અંત ગુમાય સબુરી;
વાકી ખોજ હજુ નહી પાયા, હો ગયે હુકુમ હુજુરી.—બંદા૦

એક બુંદસેં રચા પુતલા, દેખો હિકમત પુરી;
ઇનકા શિર પર ડર નહીં જાનત, કરતે હૈં કરણી બુરી.—બંદા૦

બન્યા અમીર ચોર સંગ કીના, એસી સમજ અધુરી;
અંત હીસાબ કરેગા સાહેબ, દેગા દંડ જરૂરી.—બંદા૦

"બેઠ એકાન્ત દેખ ઘટ ભીતર, બાજત અનહદ તૂરી;
વીણા નાદ ઓર બજે બંસરી, ઘંટા ગરજે મધુરી.—બંદા૦

સુરત નૂરત જબ બને એક રસ, ચંદ્ર સૂરજ ચકચૂરી;
અલખ નિરંજન તખ્ત બીરાજે, નિરાકાર સબ નૂરી."—બંદા૦

પિંગલા કહે છેઃ—

ગરબી (બેસીએ હરિગુણ ગાવા, એવા થઇ બેસીએ—એ લય)

શરણે આવ્યાને ઉગારો, ગુરુજી મ્હારા.—શરણે૦
નથી ઉગરવાનો આરો. —ગુરૂજી૦

બહુ રે જન્મથી ભ્રમણામાં ભૂલી;
આ ભવ પાર ઉતારો. —ગુરૂજી૦

માતાપિતા સહુ સગાં સંબંધી;
એ સહુ જૂઠ પ્રસારો. —ગુરૂજી૦

મન માયા-મોહથી મુઝાણું;
લાગે સંસારીડો ખારો. —ગુરૂજી૦

નિંદિત કર્મ મેં જે કીધાં,
દોષ તેના નિવારો. —ગુરૂજી૦

પુનશ્ચઃ—

— પદ — (રાગ-ધનાશ્રી)

આશરો એક તમારો, ગુરૂજી, આશરો એક તમારો.
ચરણ શરણમાં હું હવે આવી, ટાળોને મોહ વિકારો-ગુરૂજી૦
કુબુદ્ધિ કલેશ હંકારને બાળો, પંચ વિષયને ટાળો-ગુરૂજી૦
આશા તૃષ્ણા છપાંને કાઢો, કામ ક્રોધને મારો—ગુરૂજી૦

કલ્પના ભ્રાન્તિ બહુ દુઃખ દે છે, એ સૌને તમે ટાળો—ગુરૂજી૦
જાગૃત સ્વપ્ન સુષુપ્તિનો મુઝારો, તુર્યા સ્વરૂપમાં ઉતારો—ગુરૂજી૦
ચંચળને આપ અચળ કરો ગુરૂ, એજ મનોરથ મારો—ગુરૂજી૦

હવે અવધુતજી જીવત્વ ટાળવા બોધ કરે છે:—

—પદ— ઠુમરી.

ભજ ભગવંત પૂરણ પુરૂષોત્તમ, એજ સદા સુખદાઇ;
તજ મદ મત્સર, લોભ મોહ છળ, કુબુદ્ધિ ક્રોધ કુટિલાઇ—ભજ૦

કર સત્ સંગત, શાન્તિ ધર ચિત્તમાં, પ્રિય પરમારથ પાઇ,
મટશે કલેશ કોટિ જન્મના, રહે પ્રભુ ચરણે સમાઇ—ભજ૦

નિર્મળ નાથ નિરખ નિજ અંતર, જગત ભાવ વિસરાઇ;
તન, મન, ધન, અર્પણ કર હરિને, એજ ભક્તિ સુખ ભાઇ—ભજ૦

સર્વનો સાર સમજ મનમાંહી, એકરસ ધ્યાન લગાઇ;
મળશે મન-મોહન મન ગમતા, સદ્દગુરૂ કરે સહાઇ—ભજ૦

—ચોપાઈ—

જગ અરુ આપ બ્રહ્મમય જાણો, દૂજો ભાવ કબહું નહિ આણો;
બ્રહ્મ ભાવતેં બ્રહ્મ હોઇ જાવે, જન્મમરણ સબ દુઃખ વિસરાવે.

ધુનઃ—"ભજો કૃષ્ણ કનૈયા ભાવે, તો જન્મ ફરી ન આવે;
જન્મ ફરી ન આવે તો, પરમાનન્દ પાવે."

આવી રીતે અહેતુક કૃપાસિંધુ અવધુતજીએ પિંગળા ઉપર પ્રસન્ન થઇને ઉપદેશ કર્યો. પિંગળા સદ્દગુરુનું આવું અસીમ દયાળુ પણું જોઇને ગદ્દગદ્દ કંઠે કહે છેઃ—

— પદ — ગરબી— (કાફી)

જય જય શ્રી સદ્દગુરુનાથ, પૂરણ અવતારી.—ટેક૦

બુડંતાં ભવજલ માંય, બાંય ગ્રહી મારી—જય જય૦

અખિલ જગત ઉદ્ધારણ કારણ, ધારી માનુજ દેહરે;
જેની કૃપાથી મુમુક્ષુ ઉદ્ધરીયા. ઇષ્ટદેવ મુજ તેહ-પૂરણ અવતારી૦

દીન જોઇ મને દયા કરી છે, આપ્યું નિજપદ જ્ઞાનરે;
તે માટે ધન્ય ધન્ય થઇ વરતું, ધરૂં નિરંતર ધ્યાન-પૂરણ અવતારી૦

તત્ત્વમસિ મહાવાક્ય વિચારી. ભ્રમણા ભાગી દૂરરે,
એક બ્રહ્મ અદ્વય નિજ આતમ, સચરાચર ભરપૂર.-પૂરણ અવતારી૦

મન વાણીની ગતિ ન પહોંચે, વેદ ન પહોંચે ચારરે;
નેતિ નેતિ શ્રુતિ જેને ગાયે, તે હું બાવન* બહાર.-પૂરણ અવતારી૦

હવે અવધુતજી જવા માટે ઉભા થયા પરંતુ પિંગલા પ્રેમાનંદની મસ્તીમાં એટલી બધી લીન થઇ ગઇ હતી કે ફરીથી તેમની સ્તુતિ કરવા લાગીઃ—

* બાવન બહાર=બાવન અક્ષરથી જુદો-અક્ષરાતીત.

— ગરબી —

ગુરુજી મને ચરણુ શરણુની, સેવા તણું સુખ આપજોરે.
આ મનુષ્ય જન્મને પામી, હું થઇ વિષય-પથ-ગામી;
હવે શરણુ પડી શીશ નામી, ભવ-ભય કાપજોરે.—ગુરુજી૦

મારી હૃદય મલીનતા ઘણી, તેને ઉથાપજો દયા આણી;
સદા **પરમાનંદ** નિર્વાણી, હૃદયમાં વ્યાપજોરે.—ગુરુજી૦

ત્યાર પછી ગુરુજી પિંગળાને સહૃદય આશીર્વાદ આપી વિદાય થયા. ચાલતાં ચાલતાં ગાવા લાગ્યા કેઃ—

"आशा हि परमंदुःखं, नैराश्यं परमंसुखम् ।
यथा संछिद्य कांताशां, सुखं सुष्वाप पिंगला ॥ "

અહિં પિંગળાએ પણુ પ્રાતઃકાળ થતાંની સાથેજ ઉઠી સ્નાનાદિ કરી ભગવત્ નામ સ્મરણુ કરતાં કરતાં, ઘરબાર, ધન, સંપત્તિ બધું છોડી દઇ વ્રજ તરફ પ્રયાણુ કર્યું, અને આખી જીંદગી વૃંદાવનમાં રહી ભજન કીર્તન કરતાં કરતાં ભજનાનંદમાં પસાર કરી.

ત્યાં પિંગળા પોતાના અનુભવનું નીચે પ્રમાણે પદ રોજ ગાતી હતી અને તે ગાતાં ગાતાં ગુરુપ્રેમમાં મસ્ત બની જતી હતી.

પદ. રાગ કાફી (રાહ ધીરાના પદનો) તાલ દીપચંદી.
ભમણા તો હવે ભાગીરે, ભવ ભટકણુ કેરી;

સદગુરુ મળીઆરે, સુરતા તો મારી તેણે ઘેરી.
સુરતા ઘેરાણી શ્યામ સુંદરમાં, નયણામાં રહી નીહાળી,
જગ સઘળું થયું ઝાંઝવા સરખું, જ્યાં જઇ જોયા વનમાળી;
પ્રેમરસ પાયોરે, પ્રભુએ મ્હને ઉમંગ ભરી. —ભ્રમણા૦

તાળી લાગી ત્રિભુવન પતિ સંગ, અવર ન રાચું રંગ,
ભાવ ધરી ભગવંતને ભેટું, જેમ સાગર મળે ગંગ;
બ્રહ્મભાવ ભાસેરે, દશદીશ જોઉં ફરી. —ભ્રમણા૦

સત્ય વચનને શીલતારે, શમ દમનું છે કામ,
દઢ ભક્તિ વૈરાગ્યથીરે, ભાસે આતમરામ;
જૂઠું ન જરા ચાલેરે, સાંભળજો વાત ખરી. —ભ્રમણા૦

શાસ્ત્ર તણા સિદ્ધાંતનેરે, સમજે સંત સુજાણ,
સંગત કરીયે તેહની તો, જ્ઞાનનો ઉગે જોને ભાણ;
તેને તો પ્રકાશેરે, પરકાશે હૃદય હરિ. —ભ્રમણા૦

આતમ તત્ત્વ વીચારથીરે, શોધો શરીરની માંહી,
તે વીણ અનંત ઉપાય કરેથીરે, કારજ સરશે નાહી;
મારગ છે એવો વસમોરે, શીખ લેજો ધ્યાન ધરી—ભ્રમણા૦

—ગીતિ—

શ્રીહરિ સત્ય સગાથી, પૂરણ પ્રેમથી પ્રીત હવે બાંધી;
એ કદીયે નવ છૂટે, સોહં શબ્દના તાર વડે સાંધી.

અહો ! સતસંગનો શો પ્રભાવ ! શો મહિમા !!

"सत्संगतिः कथय किं न करोति पुंसाम्"

માટે—સંતોનું શ્રેષ્ઠત્વ—

—પદ-(કાફી-હોરી.)

સંતનકો શીશ નમાવું, મેરે મનકે મેલ મીટાવું. —ટેક

હરિ સંત મેં ફેર ન દેખું, જબ જબ દરશન પાવું;
સંત ચરણુ રજ શીશ ચઢાવું, અપના માન ગુમાવું -સંતનકો૦

સંત કહે સો સત કર માનું, મિથ્યા તર્ક ન લાવું;
પૂરણુ પ્રેમસેં મન અપનેકું, સાહેબ ઘર દીખલાવું -સંતનકો૦

સંત કૃપા બિન થોથી કરણી, લુણુ બીના જ્યું ખાવું;
સંત સંગમેં શાંતિ મીલે જબ, મીટે મૂર્ખ સંગ જાવું-સંતનકો૦

કહે ત્રિકમ હરિ સંત દયાસેં, નિજાનંદ ગુણુ ગાવું;
રામ વસે સબ ઘટકે અંદર, મિથ્યા મોહ ન લાવું -સંતનકો૦

"दुर्लभो विषयत्यागो, दुर्लभं तत्त्वदर्शनम् ।
दुर्लभा सहजावस्था, सद्गुरोः करुणां विना ॥"

ધૂન:—હરિ-ગુરુ-સંતનકી જયજય;
ગુરુ-ગુરુ-ગુરુ દેવકી જય.

આરબી. (સૂર-સારંગ) મનમોહનજી૦ એ લય.

ધન્ય આજ ઘડી (૨), સંત પધારી પ્રેમે પાવન કીધાં;
અતિ આનંદ અપાર (૨), દયા કરીને અમને દર્શન દીધાં.

હરિજન છે હરિ સરખા હેલી,
એને મળીએ મરજાદા મેલી;
થાય અરસપરસ આનંદ હેલી-ધન્ય૦
સંત શરણે જઇએ તો સુખ ઘણું,
ડગલે ડગલે ફળ યજ્ઞ તણું;
એની સેવાનાં ફળ શાં રે ભણું-ધન્ય૦

સંત વૈકુંઠ-પતિને અતિ પ્યારા,
સંત બ્રહ્માનંદ-રસ પીનારા;
એવા સંત નથી હરીથી ન્યારા-ધન્ય૦

સંત ભેટે રે ભવદુઃખ દૂર પળે,
પરમાર્થપણે પરિબ્રહ્મ મળે;
એનું લક્ષ ચોરાશીનું ગમન ટળે-ધન્ય૦

કહે પ્રીતમ પૂરવનાં પુણ્ય ફળ્યાં,
જેને આંગણે હરિજન આવી મળ્યા;
તેને ઉર આનંદના ઓઘ વળ્યા-ધન્ય૦

ૐ ! ૐ !! ૐ !!!

સત્સમાગમ-સુખ

પદ-(નાથ કૈસે ગજકો બંધ છુડાયો-એ લય)

જગતમેં,સંત બડે સુખદાઇ, જાનો ધન્ય ઉનોંકી કમાઇ-જગ૦ ટેક.
ઓર પદારથ જો કછુ કા'વે, સમજ સબે દુઃખદાઇ;
મૃગજલ વત તું દેખ ઉનોંકું, એર એર કયું ધાઇ ? —જગતમેં૦

ધન જોબન અરૂ સ્ત્રી પુત્રાદિક, દેખ દેખ મુશકાઇ,
ઓહી દેખ મતી ભુલહી મૂરખ, સોઇ તેરે દુઃખદાઇ —જગતમેં૦

ધન સંચયમેં અતિ દુઃખ હોવે, પાલનસેં દુઃખ પાઇ;
નાશ ભયે અતિ અતિ દુઃખ પાવે, ધિક ઓ ધનકી કમાઇ-જગતમે૦

જોબન ચાર દિનેકી હૈ ચટકી, ગર્વ કરો મતિ ભાઇ;
જેરો પર નદીમેં આવત, છિનમેં જાત સમાઇ —જગતમેં૦

પુત્ર નહી તબ શોક કરત હૈ, પાયા તબ દુઃખદાઇ;
કાલ અચાનક ગ્રાસ કિયો જબ, તબ પુનિ રૂદન કરાઇ—જગતમેં૦

કામિની કારન આપહી ભટકત, દેશ વિદેશે જાઇ;
શું કરતે જો દુષ્ટ મિલી તો, જન્મ અકારજ જાઇ —જગતમેં૦

અવિનાશી જાકો નાશ નહી એસી, પદની સત્ય સદાઇ;
વિશ્વનાથ ગુરુ દીનો દયા કરી, ડાસે શીરપૈ ચડાઇ —જગતમે૦

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસમાં રતીલાલ બાળકૃષ્ણ ત્રીવેદીએ છાપ્યું. અને રૈવાશંકર ગાલાશંકર ભટ્ટે સોમનાથ મહાદેવ ખેડાથી પ્રસિદ્ધ કર્યું.

સુખ મેળવવા કેવો પ્રયત્ન કરવો.

પદ (દાસ પરે દયા લાવોરે—એ લય)

સતસંગ માંહી સુખ સારૂરે, હરિજનો, સતસંગ માંહી સુખ સારૂં
સતસંગ જે કોઇ કરશે, તિમિર તો તેનું ટળશે; (૨)
હૃદયમાં થાશે અજવાળું રે —હરિજનો૦
સદ્ગુરુને શરણે જઇએ, પ્રપંચને કંઠી દઇએ;
ત્યાં તો ગુરુ કરશે હિત તમારૂં રે. —હરિજનો૦
મારૂં મારૂં સરવે કે'છે, તે તો સૌનું પડયું રહે છે;
અંતે નથી ખપ આવનારૂં રે. —હરિજનો૦
માટે સૌ મોહ છોડો, એ તો છે માયાનો ઘોડો;
અંતે એ નરકે નાંખનારૂં રે. —હરિજનો૦
એકાન્તમાં વાસ કરીને, હરિ ભજે હેત ધરીને;
અજ્ઞાનનું ઉઘડશે તાળું રે. —હરિજનો૦
ખરો હીરો હાથ ચડશે. ઝવેરી તો કીમત કરશે;
મણુ નથી મૂલ થનારૂં રે. —હરિજનો૦
સાર વસ્તુ શોધી લેજો, સદાએ ઉદાશી રેજો;
થાશે સૌ કારજ તમારૂં રે. —હરિ૦
ગુરૂનાં શાં કરૂં વખાણ, એતો છે આનંદની ખાણ;
એને તો નથી કોઇ ન્યારૂં રે. —હરિ૦
સાચા ગુરૂ જેને મળીઆ, તે તો નિજરૂપે ભળીયા;
જગ સર્વ લાગે ખારૂં ખારૂ રે. —હરિ
દ્રય કર જોડી કહું છું, ગુરુજીના ચરણે રહું છું;
સદાએ આનંદ ઉર ધારૂં રે. —હરિ
ગાંડા ઘેલા ગુણ મેં ગાયા, મને નથી ગમતી માયા;
પ્રભુ પદ લાગે પ્યારૂં પ્યારૂં રે. —હરિ
સદ્ગુરૂ મિકમજી વ્હાલા, દીન કરે કાલાવાલા;
દાસ રૂઘનાથને શરણુ તમારૂં રે. —હરિ